# મહર્ષિ રામકૃષ્ણ પરમહંસ જન્મદિવસ-સાચા ગુરુ શિષ્યનું મિલન



ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

મહર્ષિ રામકૃષ્ણ પરમહંસના જીવનનો કાળખંડ છે 18-02-1836 થી 16-08-1886 એટલે લગભગ 50 વર્ષનો જીવનકાળ. ફાગણ સુદ બીજે એમની જયંતી ઉજવાય છે. રામકૃષ્ણ પરમહંસ એટલે અસામાન્ય બુદ્ધિમત્તા અને સામર્થ્યપૂર્ણ ભગવત ભક્તિ. મા ભદ્રકાલી માતાના અસીમ ભક્ત સંન્યાસી અને પરમ કૃપાળુ માનવવાદી પરોપકારી સંત, સાધુવૃત્તિ અને આધ્યાત્મિકતાના પ્રબળ નિષ્ઠાવાન સેવક, રાષ્ટ્રપ્રેમી, સત્ય, સંયમ, શાંતિના પ્રખર અનુશાસક, સંન્યાસી વૃત્તિને ઘડવનારા ધાર્મિક માર્ગદર્શક. સ્વામી વિવેકાનંદના ગુરુ સ્વરૂપ અને એક નિષ્ઠ સત્ય શિષ્યના શોધક.

સત્યશિષ્ય નરેન્દ્રનાથ ઉર્ફે વિવેકાનંદ સ્વામી પણ સંન્યાસી જીવનપથ પર ચાલવા માંગતા હતા. ત્યાગ અને વૈરાગ્ય વિના ઈશ્વરદર્શન ન થઇ શકે એમ તેમને લાગ્યું. જીવનનો પરમ આનંદ, શાશ્વત સુખ સંન્યાસી જીવનથી જ પ્રાપ્ત થઇ શકે એવો દૃઢ નિશ્ચય અને નિર્ધાર સ્વામીના મનમાં પાકો થયો.

એક સમયે ઈશ્વરદર્શની ઇચ્છા તીવ્ર બનતાં સ્વામીજી મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર પાસે ગયા અને તેમણે સીધો સવાલ પૂછ્યો, ''સ્વામીજી! શું આપે ઈશ્વરને જોયા છે?'' પ્રશ્ન સાંભળીને મહર્ષિ દેવેન્દ્રનાથ સ્તબ્ધ બન્યા અને વિવેકાનંદ સામે એકીટસે જોઈને કહ્યું ''બેટા! તારી આંખો કોઇ સમર્થ યોગી જેવી લાગે છે.'' પણ આ ઉત્તરથી સ્વામીને સંતોષ ન થયો. કારણ એમને તો ઈશ્વરનું પ્રત્યક્ષ દર્શન કરનારા અને કરાવનારા પુરુષની માહિતી જોઈતી હતી અને તે જ સમયે તેમને શ્રીરામકૃષ્ણનું સ્મરણ થયું અને એમના જ દર્શનથી પોતાની આધ્યાત્મિક ભૂખની તૃપ્તિ એ મહાપુરુષના સમાગમથી થશે એવી આશા જન્મી. સ્વામી વિવેકાનંદના પાડોશી સુરેન્દ્રનાથને ત્યાં શ્રી રામકૃષ્ણ આવતા હતા અને એક દિવસ ભજન કિર્તન પ્રસંગે શ્રી રામકૃષ્ણ પરમહંસ એમના ઘરે આવવાના હતા તો પાડોશીએ મધુર કંઠના વિવેકાનંદને પણ જાણ કરી. શ્રીરામકૃષ્ણ ભજનમાં આવ્યા. ત્યાં વિવેકાનંદે ભાવપૂર્ણ મુદ્રાથી અને તન્મય થઈને ભજનો ગાયાં. શ્રી રામકૃષ્ણ વિવેકાનંદની મુદ્રા અને તન્મય ભાવ જોઈને મુગ્ધ બન્યા હતા.

ભજનો પૂરાં થયાં પછી સુરેન્દ્રનાથ પાસેથી નરેન્દ્રનો એટલે વિવેકાનંદનો પરિચય મેળવ્યો અને સ્વામી જોડે વાતો કરીને શ્રી રામકૃષ્ણે નરેન્દ્રને દક્ષિણેશ્વર આશ્રમ આવવાનું આમંત્રણ આપ્યું અને આ હતો નરેન્દ્રનો રામકૃષ્ણદેવ સાથેનો પ્રથમ શુભ મેળાપ. થોડા દિવસો પછી નરેન્દ્રે લગ્ન ન કરવાની પ્રબળ ઇચ્છા દર્શાવતા કાકા રામચંદ્ર દત્તે તેને કહ્યું, જો તને લગ્ન ન કરવું હોય તો અને ઈશ્વરદર્શનની તાલાવેલી લાગી હોય તો જા દક્ષિણેશ્વરના ઠાકર રામકૃષ્ણજી પાસે જા.'' કાકાની આ આજ્ઞાસૂચનથી નરેન્દ્રનું મન શ્રી રામકૃષ્ણને મળવા વધારે ઉત્સુક બન્યું અને વિવેકાનંદ મિત્રો સાથે દક્ષિણેશ્વર ગયા. શ્રી રામકૃષ્ણના ઓરડામાં પાથરેલ સાદડી પર તે બેઠા. પરમહંસે આજ્ઞા કરતાં સુમધુર કંઠે બેચાર બંગાળી ભજનો ગાયાં અને એમને ગમતું ભજન મન! ચાલો નિજ નિકેતન, સંસાર વિદેશે, વિદેશીને વેશે, ભર્યો કેમ અકારણ- મન....ચાલો - આ ભજન સાંભળીને તો રામકૃષ્ણ ભાવ સમાધિમાં ડૂબી ગયા. નરેન્દ્ર દક્ષિણેશ્વરથી વિદાય થયા અને એમની યાદથી રામકૃષ્ણની આંખમાંથી અશ્રુઓ વહેવા

> જો તને લગ્ન ન કરવું હોય તો અને ઈશ્વરદર્શનની તાલાવેલી લાગી હોય તો જા દક્ષિણેશ્વરના ઠાકર રામકૃષ્ણજી પાસે જા

લાગ્યાં. કોઈક વાર તો પરમહંસજી આશ્રમની ઉત્તરદિશામાં બાગમાં જઈને મોટેથી આક્રોશ કરતા, 'અરે એ વહાલા! આવને મારી પાસે. તારા દર્શન જ મારી ઔષધિ છે. નરેન્દ્ર અને રામકૃષ્ણ દક્ષિણેશ્વરમાં ઠાકુરના ઓરડામાં એકબીજાને મળ્યા. પરમહંસજીએ કહ્યું, ''અરે આટલું બધું મોડું અવાય કે?'' અને નરેન્દ્રને કહેવા લાગ્યા, ''હે પ્રભુ! તમે પ્રાચીન નર ઋષિના અવતાર છો અને માનવોના દુઃખો દૂર કરવા માટે અવતર્યા છો.'' આ વાક્ય સાંભળીને વિવેકાનંદ આશ્ચર્ય પામ્યા પણ પરમહંસજીના હાવભાવ અને સ્પર્શથી તેઓ પુલકિત થયા. એક નવી ઊર્જા મેળવવામાં આવી રહી છે એવું લાગ્યું અને વિવેકાનંદે પ્રશ્ન કર્યો, ''પ્રભુ! તમે ઈશ્વરને જોયા છે?'' અને રામકૃષ્ણે કહ્યું, ''હા, પ્રત્યક્ષ જોયા છે, જેમ તને જોઉં છું તેમ જ કારણ કે આ માયાવી જગતમાં પુત્રાદિ ધનસંપત્તિ માટે જો આંસુ નથી આવ્યાં.ઈશ્વરના દર્શન માટે સતત પ્રયત્નશીલ રહ્યો. આ એમની વાણીથી નરેન્દ્ર દત્ત પ્રભાવિત થયા અને ગુરુ તરીકે મહર્ષિ રામકૃષ્ણજીને સ્વીકારીને એમના ચરણે ગયા. એમ સ્વામી વિવેકાનંદજીની જીવનશૈલી કહે છે.

---

આપણે જોયું કે ભગવાન ગોપીઓને પાછા જવાનું કહે છે. ભગવાન પરીક્ષા કરે છે કે આમનો ત્યાગ આવેશ જન્ય છે કે વિવેક જન્ય? ત્યાગ વિવેકજન્ય હોવો જોઈએ. ગોપીઓ કહે છે- 'આશા ભર્યા રે અમે આવીયા ને મારા વાલે રમાડ્યા રાસરે આવેલ આશા ભર્યા.' બધા જ પ્રકારના ખોરાક જીવન આપે છે. નામ ભલે અલગ અલગ હોય, પણ અન્ન બ્રહ્મ છે. અન્નથી પ્રાણીઓ, જન્મે, જીવે અને અંતે અન્નમાં જ ભળી જાય, માટીમાં જ ભળે જુઓ, પૂ. ગુરુદેવ કહે છે કે બાળક જન્મે ત્યારે બાળકનું જે વજન હોય તે અને અંતે મૃત્યુ સમયે, બાળવામાં આવે તેની રાખ, જન્મે ત્યારના વજન જેટલી જ થાય. અંતવંત છે બધું. અન્નની અલગ અલગ ડીશ હોય-જેમ જીવવા માટે અન્ન જરૂરી છે તેમ ભજન પણ જરૂરી છે. હરિ ભજન વિના સુખ-શાંતિ નહીં. ભોજનની જેમ ભજનમાં




પણ વિવિધતા જરૂરી છે. રામ,કૃષ્ણ, શિવ, મા એના જ, એકના જ અનેકરૂપ છે. એ શાશ્વત છે, અવિનાશી છે. ભગવાનને આપણે અનંત કહીએ છીએ. બાકી બધુ નશ્વર છે. પૂ. ગુરુદેવ જેમને સાહિત્ય ઋષિ કહે છે. એવા શ્રી ગુણવંત શાહનું પુસ્તક છે- 'સંભવામિ ક્ષણે ક્ષણે' શ્રીકૃષ્ણ હરક્ષણે, હરયુગે છે. નાશ પહેલાં પરમાત્માની અનુભૂતિ થાય. પ્રશ્ન થાય કે શરદમાં જ રાસ કેમ? પૂનમે જ કેમ? અમાસે હોત તો ગોપી કૃષ્ણને કેમ ગોતતે? ક્યાં ગોતતે? કૃષ્ણ કાળા ને વળી અંધારી રાત! સૂર્ય, ચંદ્ર, તારાનો પ્રકાશ ન હોય ને કાળી વસ્તુ ખોવાય જાય તો કેવી રીતે શોધવી? અષાઢી રાત. પણ નિરાશ ન થવું. એનું સોલ્યુશન હોય છે. સમજદારી અને ધીરજ રાખો તો સમાધાન મળે. અષાઢની વાદળાની રાત હોય તો વીજળી ચમકે ને વસ્તુ જડે. કૃષ્ણ કાળા, મોહ નિશા હોય, વાસનાના વાદળા જામેલાં હોય પણ રાધાની કૃપારૂપી વીજળી થશે. 'વિદ્યુત દ્યુતિ રાધિકા' કહ્યું છે. એની કૃપાથી કાળા-કાળા કાન મળી જશે. દર્શન થશે. રાસલીલામાં ભગવાન રાધાને ભજે એની રજા લે. ભગવાન સાથે ભેટો કરાવે, મિલન કરાવે એ છે- યોગમાયા. રામચરિત માનસમાં લક્ષ્મણજી શ્રી રામને પૂછે કે-માયા શું? 'મૈં અરુ મોર તોર તે માયા! જેહિ બસ કીન્હ કરાવે તે માયા. માયાના 2 પ્રકાર છે. વિદ્યા-અવિદ્યા. અવિદ્યા અતિશય દુઃખરૂપ છે. વિદ્યા માયા એ કૃપા કરનારી છે. પર-અપરા 2 વિદ્યા. પરા વિદ્યા શ્રેષ્ઠ છે, અધ્યાત્મ વિદ્યા. ભગવાન કહે એ મારી વિભૂતિ છે. યોગમાયા શ્રીકૃષ્ણથી યુક્ત કરે. એની આરાધનાની જરૂર બધાને તો છે, કૃષ્ણને પણ છે. કારણ કે એના વગર લીલા ન થાય. તેથી ભગવાને યોગમાયાનો આશ્રય મિલા દે. શ્યામએ મિલા દે તૂ ઘનશ્યામ સે મિલા દે.' ભગવાન અનુમાન નહીં, પણ અનુભવ બને. દુનિયાને કોણ ધારણ કરે છે? કોણ ચલાવે છે? ભગવાન ચલાવે એ અનુમાન કહેવાય.

> બુદ્ધિ પાસે ગણિત છે, મન પાસે કવિતા છે. સ્ત્રીઓ નિર્ણય પણ કરે તો મન અને હૃદયથી કરે. જ્યારે પુરુષો બુદ્ધિથી વાત કરે. માટે ગોપીભાવ હોય તો રાસમાં પ્રવેશ મળે

પંચામૃત
નીલાક્ષી પરીખ

મીઠા વગરની રસોઈ-ઓછું હોય તો પણ ન ગમે ને વધારે પડે તો પણ ન ગમે. પ્રમાણસર જોઈએ. વરસાદ પડ્યા જ કરે તો ગમે? ના મૂંગા બેસી રહે તો પણ ન ગમે ને બડબડ કર્યા કરે તો પણ ન ગમે. એક બેન ડૉક્ટર પાસે ગયા પોતાના પતિને લઇને પૂછ્યું-ડૉક્ટરે. શું તકલીફ છે? તો બેન કહે. મારા પતિ રાત્રેબોલે છે. ડૉક્ટર કહે-બેન, તમે એને સવારે બોલવા દો. બોલવાનો ચાન્સ આપો.

અતિ ભલો ન બોલનો, અતિ ભલી ન ચૂપ.
અતિ ભલો ન બરસનો, અતિ ભલી ન ધૂપ.'

વાતાવરણને આવેલી છીંક એટલે વાવાઝોડું બધું જ શાંત થાવ. ભગવાનનું મૂળ સ્વરૂપ શાંતિનું જ છે. 'શાન્તાકારં ભુજગશયનં, પદ્મનાભં સુરેશં'

શ્રી રામની વંદના, રામ માટે -'શાંતં શાશ્વતં અપ્રમેયં અનઘં' રાસલીલામાં મહાદેવની એન્ટ્રી છે. મહાદેવ યોગીશ્વર છે તો કૃષ્ણ યોગેશ્વર છે. યોગીઓ ધ્યાન દ્વારા અનુભૂતિ કરે ને એના દેવ મહાદેવ છે. જેમ મહારાજજી માટે દરવાજો ખુલે ને સાથે ઘૂસી જવાય તેમ મહાદેવ માટે દરવાજો ખૂલે એટલે ઘૂસી જવાનું માટે મહાપુરુષોનો સંગ કરો. બુદ્ધિને સૂર્ય અને મનને ચંદ્ર સાથે સંબંધ છે. ગાયત્રીમંત્રમાં બુદ્ધિને પ્રકાશિત કરનાર સવિતાદેવની વાત છે. સવારે સૂર્યને અર્ઘ્ય અપાય રુદ્ર. બ્રહ્મ સ્વરૂપે, મધ્યાન્હ, સમયેને સાયંકાળે વિષ્ણુ સ્વરૂપે સૂર્યનારાયણ (ત્રિકાલ સંધ્યા) આકાશનો સૂર્ય એ તો બ્રહ્મની ઝલક માત્ર છે. એનાથી મોટા સૂર્ય છે. આ બધાને પોતાનાથી સર્જ્યા છે એ સવિતાના ધ્યાનની વાત છે. ચંદ્રને પાણી, લોહી અને મન સાથે સંબંધ છે. તેથી જ્યોતિષી ચંદ્રનું સ્થાન જુએ. શરીરમાં પણ 70 ટકા પાણી છે. જીવન પાણીથી બને, ટકે. લાવાને કારણે પૃથ્વી પર જીવન શક્ય ન હતું. દરિયામાં વડવાનલની ગરમી ઉપર સૂર્યની ગરમી. વચ્ચેના ભાગમાં જીવનની શરૂઆત થઈ. દશાવતારમાં પહેલું માછલું મતલબ જળથી શરૂઆત. 'જલકેરી મછિયા જલમાં વિયાણી ઇંડા એના અધર સમાયા. હમકો બતા દો ઇંડામાં છીંડા ન હતા તો પવન ક્યાંથી સમાયો? ઇતના તો હે ગુરુ હમકો બતા દો.' 2 જો કૂર્મ અવતાર. પાણીમાં પણ જીવે ને બહાર પણ જીવે. માછલીને જળ બહાર કાઢો તો મરી જાય. પછી વરાહ અવતાર ધીમે ચાલે કાચબો. ઘસડીને છોલાય જાયને તેથી વરાહ (ભુંડ, ડુક્ક, સુવ્વર) ભાગે, ચાર પગે પછી નૃસિંહ અવતાર અડધું શરીર મનુષ્યનું અડધુ પશુનું. પછી વામન-મનુષ્ય ખરો પણ બટકો ત્યાર પછી પરશુરામ, રામ. ઉત્ક્રાંતિવાદ. તો મન પર દરિયાની ભરતી, ઓટની અસર થાય. બુદ્ધિને લેવા-દેવા છે વિચારો સાથે વિવેકથી. જ્યારે મનને સંબંધ છે. ભાવના સાથે. વિશ્વાસ, પ્રેમ દિલથી થાય, બુદ્ધિથી નહીં. પણ પૂરા વિશ્વાસથી પછી બુદ્ધિથી નિર્ણય લેવાય. બુદ્ધિ પાસે ગણિત છે, મન પાસે કવિતા છે. સ્ત્રીઓ નિર્ણય પણ કરે તો મન અને હૃદયથી કરે. જ્યારે પુરુષો બુદ્ધિથી વાત કરે. માટે ગોપીભાવ હોય તો રાસમાં પ્રવેશ મળે. અરે! ખુદ શંકરજી પણ ગોપી બનીને રાસમાં પ્રવેશ કરે છે. સ્ત્રીમાં વિશ્વાસનો દૃઢ ભાવ હોય. 'બિનુ વિશ્વાસ ભક્તિ નહીં.' વિચાર છે પુરુષ પાસે જ્ઞાન માર્ગમાં પુરુષ સફળ થાય. બુદ્ધિને પ્રકાશિત કરનાર સૂર્ય છે. બુદ્ધિના દેવ બ્રહ્મા છે. પ્રશ્ન થાય છે કે નંદી, કાચબો મહાદેવના મંદિરે કેમ? નંદી તો ઠીક છે-વાહન છે. આપણી ગાડી આપણા ગેરેજમાં જ હોય ને? પ્રશ્ન થવો જોઈએ. અર્જુનના પ્રશ્નથી જ ગીતાનું સર્જન થયું છે.

ભરદ્વાજ અને યાજ્ઞવલ્ક્યનો સંવાદ, ભવાની અને મહાદેવનો સંવાદ, પરીક્ષિતના પ્રશ્નથી જ ભાગવતનો આરંભ થયો છે. મનોવિજ્ઞાન કહે છે- ચંદ્રને અને મનને સંબંધ છે તમે જોયું પાગલપનની વધુ અસર પૂનમની આસપાસ વધારે જોવા મળે છે. તો મનને સ્વસ્થ રાખવા સત્સંગ, કથા, ધ્યાન મંદિર, પૂજા જરૂરી છે. આપણા ઋષિઓ ગાંડા ન હતા કે મંદિર, મૂર્તિ, ધ્યાન, અર્ઘ્ય, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરે શીખવાડ્યું. કારણ? જીવનનો આખો આધાર તમારા મન પર છે.

ગુરુવર્ય પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી)ના સત્સંગને આધાર)